ભાજપે પાર્ટીનો ઝંડો ફરકાવી સરકારી સંપત્તિ પર કબજો કર્યો

વિધાનસભા સંકુલના પ્રવેશદ્વાર પર ભાજપના કમળના ઝંડા ફરકી રહ્યા છે : પોતાની માલિકીની સંપત્તિ હોય તેમ ઝંડા ફરકાવવા બંધારણનું ઉલ્લંઘન : શહેર કોંગ્રેસ પ્રમુખ મુકેશ પટેલ : ફોજદારી કાર્યવાહી કરવા અધ્યક્ષને લેખીત રજૂઆત કરાઈ

ગાંધીનગર, તા. ૮

ગાંધીનગર શહેરમાં ભારતીય જનતા પાર્ટીના ઠેર ઠેર ઝંડા લગાવવામાં આવ્યા છે. સામાન્ય રીતે સરકારી ઈમારત કે સંપત્તિ ઉપર કોઈ જ પાર્ટીનો હક હોતો નથી. પરંતુ રાજ્યમાં ભાજપની સરકાર હોવાથી સરકાર જ ભારતીય બંધારણનું ઉલ્લંઘન કરી રહ્યા છે.

ત્યારે આ કાર્ય ભાજપાના કાર્યકરો દ્વારા જ કરવામાં આવ્યું હોય તેમ જણાવ્યું છે. રાજ્ય સરકારનું વિધાનસભાનું સત્ર એક મહિનો ચાલ્યું. આ વિધાનસભાની કાર્યવાહી નિહાળવા રાજ્યના છેવાડાના

(તસવીર : દિલીપ પ્રજાપતિ)

દુરુપયોગ કરતી હોય તેવું લાગે છે. વિધાનસભા પ્રવેશ દ્વાર પર ભાજપના ધ્વજ લગાવવામાં આવ્યા છે. જે બંધારણના ઉલ્લંઘન સમાન છે. શહેર કોંગ્રેસ પ્રમુખ મુકેશ પટેલે મુખ્ય સચિવને લેખિત રજૂઆત કરી પાર્ટી સામે ફરિયાદ કરવા જણાવ્યું છે.

રાજ્યમાં ભાજપા સરકાર ૧૭ વર્ષથી સ્થિર છે અને તેના કારણે ભાજપાના કાર્યકરોને છુટો દોર મળી ગોય હોય તેવું લાગી રહ્યું છે. મોસાળમાં મા પિરસનાર હોય ત્યારે કહેવું જ શું...? તેવું ગાંધીનગરમાં લાગી રહ્યું છે. ગાંધીનગરમાં સરકારી સંપત્તિ ઉપર ભાજપાના ઝંડા ફરકાવવા એ બંધારણનું ઉલ્લંઘન છે.

ગાંધીનગર શહેર કોંગ્રેસ સમિતિના પ્રમુખ મુકેશ પટેલે જમાવ્યું છે કે, રાજ્યની વિવિધ સરકારી કચેરીઓ અને તેમાં પણ વિધાનસભા જ્યા આવેલી છે તેવી જગ્યાએ ભાજપાના ઝંડા ફરકી રહ્યા છે. વિધાનસભા સંકુલના પ્રવેશ દ્વાર પર પાર્ટીના ફરકી રહેલા ઝંડા ગામડામાંથી લોકો આવી રહ્યા હતા અને તેના કારણે પાર્ટીનો પ્રચાર - પ્રસાર કરવા માટે સંકુલના પ્રવેશદ્વાર પર ભાજપના ઝંડા ફરકાવવામાં આવ્યા છે.

સરકારી સંપત્તિ ઉપર ક્યારેય કોઈ પાર્ટીનો હક્ક હોતો નથી. ફક્ત દેશનો તિરંગો ફરકાવી શકાય છે. પરંતુ આ સરકારે તો આખા સંકુલને બાનમાં લીધુ હોય તેવું લાગે છે. સંકુલ ઉપરાંત ચ-રોડ પર ચ-૩ સર્કલ ઉપર તેમજ ઠેક ઠેકાણે ભાજપના કમળવાળા ઝંડા ફરકાવવામાં આવ્યા છે, જે નિંદનીય છે. રાજ્યમાં સત્તાનો મતલબ તો એવો નથી ને કે બંધારણ વિરુદ્ધ કાર્ય કરવું.

મુકેશ પટેલે રાજ્યના મુખ્ય સચિવ, ગુજરાત વિધાનસભાના અધ્યક્ષ અને ગાંધીનગર કલેક્ટરને લેખિત રજૂઆત કરી છે. આવા ઘૃણાસ્પદ કાર્ય બદલ પોજદારી રાહે કાર્યવાહી કરવામાં આવે અને જો કાર્યવાહી કરવામાં નહિં આવે તો અમે આંદોલન કરી કોર્ટના દ્વાર ખખડાવીશું.

ખાણીપીણીનું હબ બનતું ન્યુ ગાંધીનગર

કુડાસણથી લઈને સરગાસણ સુધીના પટ્ટામાં છેલ્લા કેટલાક દિવસોમાં આઠથી દસ નવી રેસ્ટોરન્ટ-હોટલો શરૂ થઈ

ગાંધીનગર, તા.૮

ન્યુ ગાંધીનગર દિન પ્રતિદિન વિકસતું જાય છે. છેલ્લા કેટલાક દિવસોમાં અહીં નવી નવી રેસ્ટોરન્ટ-હોટલો શરૂ થઈ છે. આ વિસ્તાર ટીસીએસ જેવી મોટી કંપનીઓ અને અનેક રાષ્ટ્રીય કક્ષાના શૈક્ષણિક સંકુલો આવેલા હોવાથી તેમાં સર્વિસ અને અભ્યાસ કરતા પરપ્રાંતિય વિદ્યાર્થીઓના કારણે અહીં હોટલ ઉદ્યોગ ફુલ્યોફાલ્યો છે.

સેક્ટર-૧ થી ૩૦ની મર્યાદાની બહાર વિકસી રહેલુ ન્યુ ગાંધીનગર દિન પ્રતિદિન વધુને વધુ વિસ્તરતું જાય છે. નવા ફલેટ, એપાર્ટમેન્ટમાં રહેવા આવનારાઓની સંખ્યા પણ દિન પ્રતિદિન વધતી જાય છે. ઈન્ફોસિટી, ટીસીએસ, એનઆઈડી, એનઆઈએફટી, ધીરુભાઈ અંબાણી જેવી કંપનીઓ - સંસ્થાઓમાં હજારો પર પ્રાંતિય યુવક યુવતિઓ અભ્યાસ કરે છે અને નોકરી કરે છે. જેઓ આસપાસના વિસ્તારમાં જ ફલેટ, એપાર્ટમેન્ટ ભાડે રાખીને રહે છે. રાષ્ટ્રીય શિક્ષણ સંસ્થાઓની હોસ્ટેલો પણ અહીં આવેલી છે. જેમાં હજારો વિદ્યાર્થીઓ રહે છે અને અભ્યાસ કરે છે આ પર પ્રાંતિય વિદ્યાર્થીઓ-કર્મચારીઓ પરિવારથી દૂર રહેતા હોવાથી તેઓ મોટા ભાગે સવાર સાંજ હોટલમાં જમી લે છે અથવા લંચ-ડીનર પેક કરાવી લે છે જેના કારણે ન્યુ ગાંધીનગર ખાણીપીણીનું એક નવું ડેસ્ટીનેશન બની રહ્યું છે. આ વિસ્તારમાં ઘણી ચેઈન રેસ્ટોરન્ટ-હોટલો આવેલી છે તો સ્વતંત્ર હોટેલ-રેસ્ટોરન્ટ પણ નવા નવા ખુલી રહ્યા છે. છેલ્લા ૧૫ દિવસમાં જ કુડાસણથી લઈને સરગાસણ સુધીના વિસ્તારમાં આઠથી દસ જેટલી નવી હોટેલ, રેસ્ટોરન્ટનો પ્રારંભ થયો છે. જેમાં પીઝા, બર્ગરથી લઈને કોન્ટીનેન્ટલ, ચાઈનીઝ, મેકસીકન, થાઈ, સાઉથ ઈન્ડિયન, પંજાબી, ગુજરાતી, કાઠીયાવાડી ભોજન જેવી વિવિધતા જોવા મળે છે. ગાંધીનગરાઓ પણ અવારનવાર અહીં આવતા થયા છે.

ગુડાના પૂર્વ અધ્યક્ષ અને કારોબારી અધિકારીનો વિદાય સમારંભ યાજાયો

ગાંધીનગર, તા. ૮

ગાંધીનગર શહેરી વિકાસ સત્તામંડળ દ્વારા ભૂતપૂર્વ અધ્યક્ષ અશોક ભાવસાર અને ભૂતપૂર્વ મુખ્ય કારોબારી અધિકારી ડી. તારાનો વિદાય સમારંભ યોજવામાં આવ્યો હતો. આ દરમિયાન ગુડાના અધિકારીઓ દ્વારા વિદાયમાન પૂર્વ અધ્યક્ષ અશોક ભાવસાર અને ડી. તારા સાથેની કામગીરીના સંસ્મરણો વ્યક્ત કરવામાં આવ્યા હતા. ગત વર્ષોમાં પૂર્વ અધ્યક્ષ અશોક ભાવસાર અને પૂર્વ મુખ્ય કારોબારી અધિકારી ડી. તારા દ્વારા મળેલા માર્ગદર્શન બદલ આભારની લાગણી વ્યક્ત કરી હતી.

આ પ્રસંગે અમદાવાદ મ્યુનિસિપલ કમિશનર ડી. તારાએ તેમના ગુડાના મુખ્ય કારોબારી અધિકારી તરીકના કાર્યકાળ દરમિયાન ગુડાના કર્મચારી/અધિકારીઓ દ્વારા સાથે મળી હાથ ધરેલા વિવિધ વિકાસ કામો તથા પુનરાવર્તીત વિકાસ યોજના તૈયાર કરવા જેવા મહત્વના કામોમાં મળેલી સફળતા માટે ગુડાના સ્ટાફનો આભાર વ્યક્ત કર્યો હતો. આ ઉપરાંત ગુડાના ભૂતપૂર્વ અધ્યક્ષ અશોક ભાવસાર દ્વારા પણ તેમના કાર્યકાળ દરમિયાન માળખાગત વિકાસના કામોની સાથે સાથે સામાન્ય જનતા માટે આવશ્યક સુવિધાઓના કામોમાં ગુડાના અધિકારી/કર્મચારી દ્વારા ટીમવર્કથી કરેલી કામગીરીને યાદ કરી આભારની લાગણી વ્યક્ત કરી હતી. ભવિષ્યમાં ગુડાના નવા અધ્યક્ષની રાહબરીમાં ગુડા સતત પ્રગતિ સાધે તે માટે સત્તામંડળ અને અધ્યક્ષ આશિષ દવેને શુભેચ્છા પાઠવી હતી.

ગુડાના વર્તમાન અધ્યક્ષ આશિષ દવેએ પણ આ તબક્કે પૂર્વ અધ્યક્ષ અશોક ભાવસારના કાર્યકાળમાં શરૂ કરેલા કામોને પૂર્ણ કરવા તથા નવીન વિકાસલક્ષી કામોને ઉચ્ચ ગુણવત્તા અને નિયત સમયમર્યાદામાં પૂર્ણ કરવા સર્વે કર્મચારીઓને ટીમ વર્કથી કામ કરવા અપીલ કરી હતી. ગુડાને વધુ સુંદર અને વધુ વિકસિત બનાવવા નેમ વ્યક્ત કરી હતી. સત્તામંડળ દ્વારા યોજવામાં આવેલા વિદાય સમારંભ કાર્યક્રમમાં ગુડાના વર્તમાન અધ્યક્ષ આશિષ દવે તથા મુખ્ય કારોબારી અધિકારી ડૉ. સંધ્યા ભૂલ્લર સહીત અન્ય અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

શ્રમજીવી પરિવારોને અપાતી ચરણ સેવામાં સહભાગી થવા અપીલ કરાઈ

અરુણોદય સેવા ટ્રસ્ટ અને સદ્‌વિચાર પરિવાર નગરમાં સેવાકીય કાર્યો કરે છે : ઉનાળામાં ચંપલ અને પક્ષી પરબનું વિતરણ કરે છે

ગાંધીનગર, તા. ૮

ઉનાળાએ વરવું રૂપ ધારણ કરી લીધું છે. ગાંધીનગરનાં અનેક શ્રમજીવી પરિવારોના પગ બળબળતા તાપમાં સેકાઈ રહ્યા છે આવા ગરીબ અને ખુલ્લા પગે ફરી રહેલા લોકો માટે અરુણોદય સેવા ટ્રસ્ટ અને સદ્‌વિચાર પરિવાર દ્વારા ચરણસેવા અભિયાન ચલાવવામાં આવે છે. સેવામાં સહયોગી થવા દાતાઓને અપીલ કરવામાં આવી છે.

ગાંધીનગરમાં અરુણોદય ટ્રસ્ટ અને સદ્‌વિચાર પરિવાર વર્ષ ૧૯૯૧થી વિવિધ સેવાકીય કાર્યો કરી રહી છે. જેમાં અત્યાર સુધી ૨.૫૫ હજાર શ્રમજીવીઓ, ૫૦ શાળાના ૨૨,૫૦૦થી વધુ વિદ્યાર્થીઓને ઉનાળામાં પગ રક્ષણ આપવામાં આવ્યું છે.

મોંઘવારીમાં એક વ્યક્તિને પગરખા આપવા માટે રૂ. ૫૦ ખર્ચ આવે છે અને પ્રતિ વર્ષ ૧૫ થી ૨૦ હજાર ગરીબ અને શ્રમજીવીઓને ચરણસેવાનો લાભ આપવામાં આવે છે. ત્યારે નગરના દાતાઓને સંસ્થા દ્વારા અપીલ કરવામાં આવી છે કે માનવતાના સાદને ઝીલી આર્થિક સહયોગ આપવા આગળ આવે.

ચરણસેવાની સાથે અંગ દઝાડતી ગરમીમાં મૂંગા પક્ષીઓ માટે પક્ષી પરબ મૂકવામાં આવે છે અને છેલ્લા પાંચ વર્ષ દરમિયાન સંસ્થાએ ૧૦ હજારથી વધુ પક્ષી પરબોનું વિતરણ કર્યું છે ત્યારે આ બંને સેવાકીય કાર્યોમાં દાન આપવા નગરજનો અને દાનવીરોને અપીલ કરવામાં આવી છે.

દાન આપવા માટે અરુણભાઈ બૂચ - ૯૮૨૫૦૧૮૧૩૪, મયુર વ્યાસ - ૨૩૨૨૫૩૯૦, સુધીર દેસાઈ - ૨૩૨૨૫૨૯૭, ચંદુજી ઠાકોર-૯૯૭૯૫૦૭૫૭૬, બી. પી. પરમાર - ૨૩૨૨૩૩૬૪ અને સી. જી. કાસવા-૯૭૧૪૭૨૬૮૪૬ પર સંપર્ક કરવા જણાવ્યું છે.

બાયસેગની ૧૬ ડીટીએચ ટીવી ચેનલ દ્વારા સઘન શિક્ષણ અને તાલીમ કાર્યક્રમનું આયોજન

ગાંધીનગર, તા. ૮

ગુજરાત સરકારને કેન્દ્ર સરકાર તરફથી ઉપગ્રહ આધારિત કાર્યક્રમોનું પ્રસારણ કરવા માટે GSAT-૮ ઉપગ્રહમાં ફાળવવામાં આવેલા ૩૬ MH3 KV-BAND ટ્રાન્સપોન્ડર (બેન્ડ વીડ્થ)નો ઉપયોગ કરવાની પરવાનગી આપવામાં આવી છે. જે અંતર્ગત કુલ ૧૬ જેટલી DTH ચેનલો શરૂ કરવામાં આવી છે. જેના ઉપયોગથી રાજ્ય સરકાર શિક્ષણ, તાલીમ અને રોજગાર, કૌશલ્ય વર્ધન, આરોગ્ય, કૃષિ અને પશુપાલન વગેરેને લગતા વિવિધ કાર્યક્રમો વિના મુલ્યે લોકોને ઘર સુધી ઉપલબ્ધ કરાવી શકાશે. બાયસેગ ખાતે નવી ચેનલો શરૂ કરવા માટે જરૂરી ઈન્ફ્રાસ્ટ્રક્ચર તૈયાર થઈ ગયુંછે. દેશમાં આવી ક્ષમતા ધરાવતી માળખીય સુવિધા માત્ર ગુજરાત રાજ્યમાં છે.

બાયસેગ દ્વારા શરૂ કરવામાં આવેલી નવી ૧૬ ચેનલો મારફતે કૌશલ્ય વર્ધન કાર્યક્રમો હેઠળ ઔદ્યોગિક તાલીમ સંસ્થાઓ તથા અન્ય સંસ્થાઓમાં આવશ્યકતા મુજબની જૂથ અને વ્યક્તિગત તાલીમ આપવામાં આવશે. જેથી કૌશલ્યનુંપ્રમાણીકરણ સરળતાથી થઈ શકશે. ખેતીવાડીને લગતા કાર્યક્રમો સીધા ઘર સુધી પહોંચી શકશે. આ ઉપરાંત કિસાન કોલ સેન્ટરને લગતા કાર્યક્રમો યોજી શકાશે. આરોગ્ય ક્ષેત્રે તાલીમ, ટેલીમેડીસીન, જાગૃતિ કાર્યક્રમો તથા તબીબી શિક્ષણમાં આ ચેનલો સહાય કરશે. પ્રવેશ પરીક્ષાને લગતા તાલીમી કાર્યક્રમો, કારકિર્દીને લગતા માર્ગદર્શનના કાર્યક્રમો તથા વિજ્ઞાન, ગણિત અને અંગ્રેજીનું ખાસ શિક્ષણ DTH ચેનલ મારફતે આપવાની વ્યવસ્થા ગોઠવવામાં આવી છે. આ ઉપરાંત અરજી કરવા અંગેના માર્ગદર્શનના કાર્યક્રમો, ભરતીને લગતા તાલીમી કાર્યક્રમો, યોજનાઓના અમલીકરણની પદ્ધતિ, શિક્ષક તાલીમ, કર્મચારીગણની તાલીમ, પ્રેરકાત્મક કાર્યક્રમો, ડીજીટલ જ્ઞાનને લગતા કાર્યક્રમો ઘર-ઘર સુધી પહોંચાડી શકાશે. રાષ્ટ્રીય કાર્યક્રમો, સ્વચ્છતા અભિયાનને લગતા કાર્યક્રમો, વિદેશી ભાષાને લગતા પ્રારંભિક શિક્ષણના કાર્યક્રમો તથા વિજ્ઞાનને લોકપ્રિય બનાવા અંગેના કાર્યક્રમોનુંપ્રસારણ આ ચેનલો મારફતે કરવામાં આવશે. આ પ્રકારના કાર્યક્રમોથી વિદ્યાર્થીઓની યોગ્યતા વધશે, તેમના પરિણામમાં સુધારો આવશે, નોકરી માટે યોગ્યતા વધશે, વિદ્યાર્થીઓને નિઃશુલ્ક ટ્યુશન, કોચિંગનો લાભ મળશે. ગ્રામિણ વિદ્યાર્થીઓને વિનામૂલ્યેસમાન શિક્ષણનો લાભ મળશે. આરોગ્ય અંગે લોકોમાં જાગૃતતા વધશે, સરકાર તરફથી મળતી વિવિધ સહાય યોજનાઓઅંગેની માહિતી ઉપલબ્ધ કરાવી શકાશે. તથા વ્યવસાયલક્ષી તાલીમનોલાભ ગુજરાતના ગામે ગામ લોકો ઘરે બેઠા લઈ શકશે. સરકારની આ ક્રાંતિકારી પહેલથી શિક્ષણ અનેતાલીમ ક્ષેત્રમાંઆમુલ પરિવર્તન લાવી શકાશે.

ગાયત્રી પરિવાર ટ્રસ્ટ દ્વારા મૂત્રાશયના રોગોનો નિઃશુલ્ક કેમ્પ રવિવારે

ગાયત્રી શક્તિ પીઠ સેક્ટર-૧ ગાંધીનગરના સાનિધ્યમાં કીડની, પથરી, પ્રોસ્ટેટ તેમજ મુત્રાશયના રોગ નિદાન માટેનો નિઃશુલ્ક કેમ્પનું તા. ૧૨મી એપ્રીલના રોજ સવારે નવ વાગ્યે યોજવામાં આવેલ છે. આ કેમ્પમાં બોડીલાઈન હોસ્પિટલના યુરોલોજીસ્ટ દ્વારા વિનામૂલ્યે રોગ - નિદાન તેમજ દવાઓ આપવામાં આવશે. યુલોફલોમેટરી ટેસ્ટ રૂ. ૫૦ના રાહતદરે કરી આપવામાં આવશે. દર્દી પાસે જુના રિપોર્ટ હોય તો સાથે લાવવા. રજીસ્ટ્રેશન માટે ગાયત્રી શક્તિપીઠનો સંપર્ક કરવો. વધુ માહિતી માટે મો. નં. ૯૮૨૫૦૯૨૯૯૧નો સંપર્ક કરવો. ચેરમેનશ્રી ગાયત્રી શક્તિ પીઠ જણાવેલ છે.

સૌરાષ્ટ્ર-કચ્છ સમાજ ડૉ. આંબેડકરને પુષ્પાંજલિ અર્પણ કરશે

ગાંધીનગર, તા.૮

સૌરાષ્ટ્ર - કચ્છ સમાજ સેવા ટ્રસ્ટ ડૉ. બાબા સાહેબ આંબેડકરની જન્મજયંતિ નિમિત્તે પુષ્પાંજલિ અર્પણ કરશે. ૧૪ એપ્રિલે ડૉ. બાબા સાહેબની ૧૨૫મી જન્મ જયંતિ દેશભરમાં મનાવાશે. વિધાનસભા સામે પ્રેરણાભૂમિ સ્થિત ડૉ. આંબેડકરની પ્રતિમાને સૌરાષ્ટ્ર - કચ્છ સમાજના હોદ્દેદારો પુષ્પાંજલિ અર્પણ કરશે. પુષ્પાંજલિ કાર્યક્રમ સવારે ૯ વાગ્યે યોજાશે. જેમાં હોદ્દેદારો અને નગરજનોને ઉપસ્થિત રહેવા જીલુભા ધાધલે જણાવ્યું છે.

કડવા પાટીદાર સમાજની કારોબારી બેઠક મળશે

ગાંધીનગર, તા.૮

કડવા પાટીદાર સમાજ ગાંધીનગર દ્વારા શ્રી ઉમિયા માતાજીનો બારમો પાટોત્સવ યોજવામાં આવશે. આ પ્રસંગનું આયોજન કરવા આજરોજ ગુરૂવારે રાત્રે ૮-૩૦ કલાકે સામાન્ય સભા યોજાશે. સભામાં સમાજના ટ્રસ્ટીઓ, દાતાઓ, કારોબારી સભ્યો અને ઉમાપુત્રોને હાજર રહેવા અપીલ કરવામાં આવી છે. આગામી ૩જી મેના રોજ યોજાનાર બારમાં પાટોત્સવની તૈયારીઓમાં લાગી જવા સર્વે પાટીદાર જ્ઞાતિજનોને અરવિંદ પટેલે જણાવ્યું છે.

અગિયાર ગોળ વણકર સમાજનો સમૂહલગ્નોત્સવ યોજાશે

ગાંધીનગર, તા. ૮

શ્રી અગિયાર ગોળ વણકર સમાજનો સમૂહ લગ્ન સમારોહ આગામી તા. ૧૫ મે ના રોજ વિસનગર ખાતે યોજાશે. ગાંધીનગર ખાતે વસતા વણકર સમાજના લગ્નોત્સુક યુવક-યુવતિઓ સમૂહલગ્નમાં જોડાવા ઈચ્છુક હોય તેમણે સંસ્થાના કે.આઈ. પટેલના નિવાસસ્થાન પ્લોટ નં. ૧૮૩/૧, સેક્ટર-૧૪, મોહનલાલ લેઉવા, પ્લોટ નં. ૬૬/૨, સેક્ટર-૩-એ ખાતે સંપર્ક કરવા વણકર સમાજ ટ્રસ્ટે જણાવ્યું છે.

પાનસર રોડ પરથી બેટરી ચોર ઝડપાયો : બે ફરાર

સ્કુટર સહિત વાહનમાંથી ચોરેલી બેટરીઓ જપ્ત

ગાંધીનગર, તા. ૮

કલોલ તાલુકા પોલીસની ટીમ ગઇ સાંજે છત્રાલ જીઆઇડીસી પાસે પેટ્રોલિંગમાં હતી તે દરમિયાન બાતમી મળી કે ખોડીયાર હોટલ પાસે પાનસર રોડ તરફથી એક સ્કૂટર ત્રણ સવારી જતાં શખ્સો પાસે કોથળામાં કઇક શંકાસ્પદ ચીજ છે. જેને આધારે વોચ ગોઠવીને સ્કુટરને પાનસર રોડ પર ઊભું રખાવવા ઇશારો કરતા જીઆઇડીસી તરફ સ્કુટર ભગાવ્યું હતું અને બે શખ્સો ભાગી જવામાં સફળ રહ્યા હતા. જયારે વચ્ચે બેઠેલો છત્રાલનો શખ્સ જશવંત ભીખા દંતાણી પકડાઇ ગયો હતો. કોથળો તપાસ કરતાં તેમાંથી બે વાહનની બેટરીઓ મળી આવી હતી.

આ બેટરીઓ ચોરીની હોવાનું જણાવ્યું હતું. જયારે ફરાર થઇ ગયેલા બે સાગરીતો અંગો પૂછપરછ કરતા કલોલ પૂર્વ વિસ્તારના વિજય ઇશ્વર દંતાણી અને રગો દંતાણી હોવાનું બહાર આવ્યું છે. કલોલ તાલુકા પોસીલે સ્કુટર તથા ચોરીની બેટરીઓ સાથે એકની ધરપકડ કરી ફરાર થઇ ગયેલા બંને શખ્સોની શોધખોળ શરુ કરી છે.

આજથી સેક્ટર-૨૧માં શિવમહાપુરાણ કથા યોજાશે

ગાંધીનગર, તા. ૮

સેક્ટર-૨૧ ગોપી મહામંડળ દ્વારા શિવમહાપુરાણ કથાનું આયોજન કરવામાં આવ્યું છે. શિવમહાપુરાણ કથા તા. ૯ થી ૧૭ એપ્રિલ બપોરે ૨ થી ૬ કલાક દરમિયાન સેક્ટર-૨૧ સ્થિત અંબિકાચોક અપના બજાર પાસે યોજાશે.

કથા ગાંધીનગર પંચદેવ મંદિરના પ.પૂ. શ્રી નીલકંઠ શાસ્ત્રીજીની વ્યાસપીઠે યોજાશે. નારદ મોહભંગ, સતીચરિત્ર્ય, પાર્વતી જન્મ, શિવવિવાહ, ગણેશ પ્રાગટ્ય, ઓખાહરણ, હનુમાન પ્રાગટ્ય, અસુરવધ, પશુપત જ્ઞાન ઉપદેશ, શિવ અને આધુનિક વિજ્ઞાન જેવા પ્રસંગો મનાવવામાં આવશે. શિવમહાપુરાણ કથાનો લાભ લેવા સર્વે નગરજનોને હાર્દિક આમંત્રણ આપવામાં આવ્યું છે.

રાયપુર ગામના એક ફાર્મ હાઉસમાંથી કેબલ ચોરી

ગાંધીનગર, તા. ૮

ગાંધીનગર નજીકના રાયપુર ગામમાં રહેતા ઘનશ્યામભાઇ ગોવિંદભાઇ પટેલના ગામની સીમમાં સ્થિત ફાર્મહાઉસમાં કેબલ ચોરો ત્રાટક્યા હતા. બોરકુવાની ઓરડીના દરવાજાનો નકુચો તોડીને ઘુસેલા કેબલ ચોરો ઓરડીમાંથી ૧૨ મીટરનો ૬ એમ.એમ.નો કેબલ રૂા. ૨ હજાર, ૧૫ હજારની કિંમતનું સ્ટાર્ટર તથા રૂા. ૪૫૦નું ઇલેક્ટ્રીકલ મીટર મળીને કુલ ૧૭,૪૫૦ ની મત્તાની ચોરી કરી ગયાની ફરિયાદ ઘનશ્યામએ ડભોડા પોલીસ મથકે નોંધાવતા પોલીસે ગુનો દાખલ કરી વધુ તપાસ હાથ ધરી છે.

શુદ્રોની શોધ ગ્રંથ પર વક્તવ્ય

ગાંધીનગર, તા.૮

દલિત સાહિત્ય વિમર્શ મંચ દ્વારા ડૉ. આંબેડકરના 'શુદ્રોની શોધ' ગ્રંથ વિશે જાણીતા કવિ અને વાર્તાકાર પ્રવિણ ગઢવી વક્તવ્ય આપશે. આજે ગુરૂવારે સાંજે ૬ થી ૭-૩૦ કલાક દરમિયાન સેક્ટર-૧૨, આંબેડકર ભવન ખાતે વક્તવ્ય યોજાશે.

આજે ગાંધીનગરમાં

આજનો દિવસ

સૂર્યોદય : ૬.૨૬

સૂર્યાસ્ત : ૬.૫૭

તાપમાન

મહત્તમ : ૩૭.૮ ડિ.સે.

લઘુત્તમ : ૨૩.૫ ડિ.સે.

ભેજનું પ્રમાણ

સવારે ૫૨ ટકા ● સાંજે ૩૦ ટકા

મનોરંજન

મૂવી પ્લેક્સ, કલોલ

સ્ક્રીન-૧ :

ફાસ્ટ એન્ડ ફ્યુરીયસ ૭ : ૧૦.૩૦, ૧.૩૦, ૪.૩૦, ૭.૩૦, ૧૦.૩૦

સ્ક્રીન-૨ :

બાજા બજા દેગે : ૧૦.૧૫, ૧.૧૫, ૭.૧૫, ૧૦.૧૫

ડ્રેગન બ્લેક : ૪.૧૫

સિટીપલ્સ

: સ્ક્રીન-૨ :

ફાસ્ટ એન્ડ ફ્યુરીયસ : ૧૨.૧૫, ૩.૪૫, ૬.૪૫, ૧૦.૧૫

સ્ક્રીન-૩ :

ડ્રેગન બ્લેડ (ઇંગ્લીશ) : ૨.૪૫

ફાસ્ટ એન્ડ ફ્યુરીયસ (ઇંગ્લીશ) : ૧૧.૦૦, ૫.૧૫, ૮.૦૦, ૧૦.૩૦

સ્ક્રીન-૪ :

હંટર : ૧૨.૪૫, ૧૦.૦૦

બરખા : ૧૦.૦૦, ૩.૪૫

એન.એચ-૧૦ : ૬.૪૫

સ્ક્રીન-૫ :

કેનવાસ (ગુજરાતી) : ૯.૦૦

બરખા : ૧૨.૩૦

એન.એચ-૧૦ : ૩.૩૦, ૧૦.૦૦

હંટર : ૪.૪૫

આપની આજ

મેષ : કૌટુંબિક જીવનમાં તનાવ રહી શકે છે. પ્રબળ આત્મવિશ્વાસ અને દૃઢ સંકલ્પથી મુશ્કેલ કાર્યોનો પણ ઉકેલ નીકળશે. સંતાન ઉજ્જવળ ભવિષ્યની તરફ અગ્રેસર થઈ શકશે. કાર્યની ગતિમાં વધશે.

વૃષભ : વરિષ્ઠ વ્યક્તિઓના વિવાદથી બચવું. વ્યાપાર -વ્યવસાય પ્રત્યે ધ્યાન આપો. પ્રબળ આત્મવિશ્વાસ તથા દૃઢ નિશ્ચયથી જટિલ કાર્યનો ઉકેલ આવશે.

મિથુન : સારા લોકોથી મુલાકાત થઈ શકે છે, જે તમારા હિતચિંતક બની શકે છે. રોજગારના ક્ષેત્રમાં તમારો આત્મવિશ્વાસ અને મહત્વમાં વધારો થઈ શકશે.

કર્ક : નોકરી- વ્યવસાયમાં અણધારી સફળતા પ્રાપ્ત થશે. વ્યાપારમાં પ્રગતિ થશે.મિત્રોના સહયોગથી ઉદ્‌ભવેલ સમસ્યાનું સમાધાન મળી શકે છે.

સિંહ : આર્થિકક્ષેત્રે નવા આયોજનો થઈ શકે છે. આજીવિકાના ક્ષેત્રમાં સ્થિતિ સામાન્ય રહેશે. રાજકારણના ક્ષેત્રમાં પરિવર્તનથી અનુકૂળતા બનશે.

કન્યા : માનસિક દ્વંદ્વને કારણે તમારી નિર્ણય ક્ષમતા પ્રભાવિત થશે. આપ સાહસિત અને અથાગ પરિશ્રમમાં આપ માનો છો તેથી આર્થિક સ્થિતિને લઈને ચિંતા ન કરો.

તુલા : કર્મક્ષેત્રમાં સફળતા પ્રાપ્તિનો યોગ. ધૈર્યને કારને તમારી મોટીથી મોટી આકાંક્ષા પણ પૂર્ણ થતી જણાય.સન્માન અને ઉપલબ્ધિ પ્રાપ્તિનો યોગ.

વૃશ્ચિક : કાર્ય અને વ્યવસાયના ક્ષેત્રમાં યોગ્ય સફળતા પ્રાપ્ત થઈ શકે છે. કુટુંબમાં લગ્ન સંબંધી કાર્યક્રમાનું આયોજન થઈ શકે.

ધન : મિત્રોના સહયોગથી સમસ્યાઓનું સમાધાન મળી શકે છે. આવકના નવા સ્રોત ઉભા થવાની સંભાવના છે.

મકર : અર્થને લગતી સમસ્યાઓ પર વિશેષ ચિંતન યોગ. સમ્માનમાં કમીના અવસરનો સંદેશ કાર્યની ગતિને પ્રભાવિત કરશે. સાવચેતી અને સતર્કતા રાખીને કામ કરો.

કુંભ : પરિવાર, વેપારની બોદ્ધિક સમસ્યાઓનો વિવેકપૂર્ણ ઉકેલ કરવો. વ્યાપારમાં નવીન કરારો પર ધ્યાન આપવું હિતકારક રહેશે. પોતાની વસ્તુઓ સંભાળીને રાખો.

મીન : સામાજિક ક્ષેત્રે મહત્વપૂર્ણ ઉપલબ્ધિ મળી શકે છે. વ્યાપાર-વ્યવસાયમાં ભાગીદારીમાં નુકશાનકારક ન બને તેની કાળજી રાખવી. જીવનસંગીની સાથે તકરાર ન બને.

ચિરવિદાય

● સ્વ. ચંચળબા કચરાજી ચાવડા (ઉ.વ.૮૦) ૧૦૨, કૃષ્ણકુંજ એપાર્ટમેન્ટ, કુડાસણ, ગાંધીનગર